
# આગડોલના વિકાસના કામોના ભ્રષ્ટાચારની તપાસમાં તંત્રની ઢીલી નીતિ

ડીસા, તા. ૨૧

ડીસા તાલુકાના આગડોલ ગામે વિકાસના કામોમાં થયેલ ગેરરીતિ અને ગામના નાગરિક દ્વારા થયેલ રજુઆતોને ધ્યાને લઈ તાલુકા વિકાસ અધિકારીએ પંચાયત સર્કલ ઈન્સ્પેક્ટરને તપાસના આદેશ કર્યા હતા. જેને બે માસ થવા આવ્યા હોવા છતાં સર્કલ ઈન્સ્પેક્ટર ટીડીઓના આદેશને ઘોળીને પી ગયા છે અને આ મામલે હજુ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

ડીસા તાલુકાના આગડોલ ગામના કીરણભાઈ ગમાનભાઈ દેસાઈએ તા. ૨૧-૩-૧૭ના રોજ ડીસા તાલુકા વિકાસ અધિકારીને અરજી કરી હતી. જેમાં ગામમાં ગૌચરમાં આપેલ તળાવની જગ્યામાં બનતા વરેડાનું કામકાજ હલકુ હોવાથી સરકારી ગ્રાન્ટના દુરૂપયોગ અંગે, ગામતળમાં મળતીયાઓના દબાણ હટાવ્યા સિવાય વરેડાના કામ અંગે, વરેડાનું કામકાજ એકદમ હલકી કક્ષાનું અને પાયો માત્ર એક જ ફૂટ ખોટે હોવા અંગે તેમજ વરંડાના કામકાજમાં સરપંચ અને કોન્ટ્રાક્ટરની મીલી ભગતમાં મોટા પાયે ભ્રષ્ટાચાર આચરાયો હોવા અંગે રજુઆત કરી હતી. આ ટીડીઓએ તા. ૨૩-૩-૧૭ના રોજ પંચાયતના સર્કલ ઈન્સ્પેક્ટર એ.કે. ત્રિવેદીને આ બાબતે તપાસ કરી કાર્યવાહી કરી રીપોર્ટ મોકલવા હુકમ કર્યો હતો. જેને બે માસ થવા આવ્યા હોવા છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી થવા પામી નથી.



## પાલનપુરમાં તસ્કરોનો તરખાટ : મારુતિ કોમ્પ્લેક્સમા ૭ ઓફિસના તાળા તૂટ્યા

પાલનપુરમાં વધતી જતી ગરમીના પ્રકોપ વચ્ચે તસ્કરોએ તરખાટ મચાવતા ૭ ઓફિસના તાળાં તોડતા ચકચાર મચી જવા પામી છે. પાલનપુરના મારુતિ કોમ્પલેક્સમાં તસ્કરો ત્રાટકયા હતા. જેઓ ૨ ઓફિસોમા થી ૫૫ હજારની રોકડ રકમની ચોરી કરી હતી. આ ઉપરાંત ATM કાર્ડમાથી તસ્કરોએ ૨૫ હજાર ઉઠાવ્યા હોવાના પણ અહેવાલ સાંપડ્યા છે. છાશવારે આ કોમ્લેક્સ તસ્કરોના નિશાના પર હોય છે. જોકે, આ વખતે ડીસા ખાતે પોલીસ સી.એમ.ના બંદોબસ્તમાં વ્યસ્ત હોઈ મોકાનો લાભ ઉઠાવતા તસ્કરોએ ૭ ઓફીસના તાળાં તોડી પોલીસને પડકાર ફેંકતા મારુતિ કોમ્પલેક્સના વેપારીઓની ઊંઘ હરામ થઈ ગઈ છે.

# ખેડબ્રહ્માના પરોયા પાસે બાઈક સ્લીપ ખાઈ જતાં ચાલકનું ઘટનાસ્થળે મોત

ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામની સીમમાં શુક્રવાર સાંજના સુમારે બનાભાઈ સોમાભાઈ ચૌહાણ રહે. વાલરણ પોતાની મોટરસાયકલ નં. જીજે.૯.ક્યુ.૭૮૨ લઈ ખેડબ્રહ્મા તરફ આવતા હતા ત્યારે પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા બાઈક પરનો કાબુ ગુમાવતા પરોયા ગામની સીમમાં બાઈક સ્લીપ થઈ ગયુ હતુ. જેને પગલે ચાલક બનાભાઈ સોમાભાઈ ચૌહાણને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે જ મૃત્યુ થયુ હતુ. બનાવ અંગે મૃતકના ભાઈ લાલાભાઈ સોમાભાઈ ચૌહાણે ખેડબ્રહ્મા પોલીસસ્ટેશને જાણ કરી હતી.

# અરવલ્લી જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

આજે કલેક્ટર સભાખંડમાં કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. કેલક્ટરના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, નિવાસી અધિક કલેક્ટર, નાયબ કલેક્ટરો, આયોજન અધિકારી, ભિલોડાના ધારાસભ્ય અનિલ જોષીયારા, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, જિલ્લા પોલીસ અધિક્ષક, વન સંરક્ષક અધિકારી, પ્રાંત અધિકારી, મોડાસા, પ્રાંત અધિકારી બાયડ, તેમજ જિલ્લાના તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંકલન સમિતિની મિટીંગમાં મોડાસાના પ્રશ્નો તેમજ અરવલ્લી જિલ્લાના વિકાસના પ્રશ્નો, પાણીના પ્રશ્નો, રસ્તાના પ્રશ્નો, વીજળીના પ્રશ્નનો તેમજ ગ્રામ્યસ્તરના કામો અંગેની વિસ્તૃત શણાવટ કરી હતી.

# ધાનેરા નગરપાલિકાની માહિતી આયોગના હુકમ સામે મનમાની

ધાનેરા, તા. ૨૧

જિલ્લાના સરહદી તાલુકા મથક ધાનેરાના ચૌતરફ થયેલા વિકાસની સામે શહેરમાં અનેક શોપીંગ સેન્ટરો બન્યા છે અને રહેણાંક સોસાયટીઓનો પણ વિકાસ થયો છે. જો કે બનેલા શોપીંગ સેન્ટરોમાં ઘણાં બાંધકામ નિયમો વિરૂદ્ધ અને ઘણા ખરા પરવાનગી વિના જ બન્યા હોવાનું ટોક ઓફ ટાઉન બનતા એક જાગૃત નાગરિક દ્વારા માહિતી અધિકારી હેઠળ માહિતી માંગવામાં આવેલ. જો કે ન.પા. તંત્ર પણ માહિતી અધિકારના નિયમોને ઘોળીને પી ગઈ હોઈ અનેક ચર્ચાઓ જાગી છે.

ધાનેરા ખાતે ઘણા શોપીંગ સેન્ટરો ઉભા થયા છે. જેમાં વાહન પાર્કિંગ, શૌચાલય કે હવા ઉજાસની પણ સગવડ નથી. ધાનેરામાં સર્વે નં. ૫૨૭ પૈકીની સરકાર હસ્તકની જમીનમાં પણ તંત્ર સાથે લેતી દેતીના સેટીંગમાં શોપીંગ સેન્ટર અને ૩૦ થી વધુ નાની મોટી દુકાનો ઉતારી હોવાનુ કહેવાય છે. સરકાર હસ્તકની જમીનમાં ગેરકાયદેસર બનેલી આ દુકાન શોપીંગમાં પણ જમીન માફીયા બિલ્ડરોએ બાંધકામના કોઈ જ નિયમો જાળવ્યા નથી અને જ્યાં ખુલ્લી જગ્યા દેખાઈ ત્યાં દુકાન ઉભી કરી દેતા શૌચાલય-મુતરડી તો ઠીક પણ હવા ઉજાસ માટેની પણ જગ્યા છોડી ન હોઈ અને ગુલાબી મોટી નોટો સાથેના સેટીંગમાં ન.પા. તંત્રએ પણ બમાબમ ચલાવતા એક જાગૃત નાગરીકે માહિતી અધિકાર ૨૦૦૫ હેઠળ નગરપાલિકા પાસે માહિતી માંગેલ પરંતુ તમામ નિતી-નિયમોના ધજીયા ઉડાવનાર બિલ્ડરોને બચાવવા નગરપાલિકા તંત્ર માહિતી અધિકારના નિયમોને પણ ઘોળીને પી ગઈ હોઈ આજદિન સુધી કોઈ જ માહિતી અપાતી નથી. માહિતી માટે અરજદાર અપીલમાં પણ ગયેલ અને કલેક્ટર તથા માહિતી આયોગે પણ નગરપાલિકાતંત્રને આદેશ કરી અરજદારને માહિતી આપવા જણાવેલ પરંતુ આજ સુધી નગરપાલિકાતંત્રએ પોતાની પોલ છુપાવવા કોઈ જાતની માહિતી આપી નથી. ત્યારે આ બાબતે તંત્ર સક્રિય બની તપાસ કરે તો કેટલા કૌભાંડ બહાર આવી શકે છે.



અરવલ્લી મોડાસાના દધાલિયા ગામના ડુંગરના જંગલમાં આગ લાગતા વનરાજી આગમાં ખાખ થઈ ગઈ હતી. આગની ઘટનાથી તંત્ર અજાણ હતુ. ચાર કીલોમીટર શુધી આગ પ્રસરતા ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા. સ્થાનિકોએ વન વિભાગને જાણ કરતા લાંબા સમય સુધી વન વિભાગના એક પણ કર્મચારી ન ફરકતા સ્થાનિકો દ્વારા આગ બુજાવવાના પ્રયાસો હાથ ધરાયા હતા. આગ કયા કારણોસર લાગી એ કારણ જાણી શકાયું ન હતુ.

# કુબેરનગરમાં યુવકની હત્યા કરનારો રવિ ચોટી સકંજામાં

શહેરના કુબેરનગર વિસ્તારમાં બંગલા એરિયા, સાંઈબાબા ફલેટની બાજુની ખુલ્લી જગ્યામાંથી એક યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી ફેંકી દેવાયેલી લાશના ચકચારભર્યા પ્રકરણમાં શહેર ક્રાઈમબ્રાંચના અધિકારકીઓએ હત્યા કરનાર આરોપી રવિ ઉર્ફે રવિ ચોટી ઉર્ફે બરફ ગોળાવાળો રામુભાઇ તમંચેની ધરપકડ કરી લીધી હતી. આરોપી ગુનામાં વપરાયેલી છરી લેવા સરદારનગર પમ્પીંગ સ્ટેશન ખાતે આવતાં પોલીસે તેને રંગેહાથ ઝડપી લીધો હતો.

# વેટ ઓફિસરાની કનડગતથી વેપારીઓમાં જોરદાર રોષ છે

અમદાવાદ, તા.૨૧

વેટના અધિકારીઓ દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી શહેરના અગ્રણી વેપારીઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને ટેક્સ કન્સલ્ટન્ટ્સને ખોટી રીતે કનડગત થઈ રહી હોવાના કારણે વેપારી સહિતના આલમમાં ઉગ્ર રોષની લાગણી ફેલાવા પામી છે. વેટવિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા બોગસ બીલીંગ સહિતની બાબતોના ઓઠા હેઠળ વેપારીઓ સહિતના લોકોને હેરાનગતિ પહોંચાડાઈ રહી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

વેપારીઆલમે રોષ ઠાલવ્યો હતો કે, વેટના ઉચ્ચ અધિકારીઓ નાના વેપારીઓને ખોટી રીતે યેનકેન પ્રકારે ડરાવી ધમકાવી અને દરોડાની કાર્યવાહીનો ભોગ બનાવી ભયનો માહોલ પેદા કરી રહ્યા છે, જયારે મોટા વેપારીઓ અને આયાતકારોને કંઈ કરતા નથી અને તેઓને આવી કાર્યવાહીમાંથી મુકત રખાય છે. વેટના અધિકારીઓ નાના ટ્રેડર્સ અને વેપારીઓને ત્યાં ખોટી રીતે દરોડા પાડી તેઓને બળજબરીપૂર્વક ખોટા સ્ટેટમેન્ટમાં સહીઓ લઈ તોડ કરતા હોવાની પણ ભારે ચર્ચા ચાલી રહી છે.

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીને લઈ વેપારીઓ, સીએ અને ટેક્સ કન્સલ્ટન્ટ્સને આ પ્રકારે હેરાનગતિ કરી ચૂંટણીમાં મતોનું નુકસાન પહોંચાડવાના પધ્ધતિસરના આયોજનના ભાગરૂપે આવી કાર્યવાહી થઈ રહી હોવાની ચર્ચાએ પણ વેપારીઆલમમાં જોર પકડયું છે. બે દિવસ પહેલાં જ કઠલાલ ખાતે એક ટ્રેડર્સના ત્યાં વેટ વિભાગના અધિકારીઓએ દરોડા પાડી તોડ કરી થયેલી હેરાનગતિના મામલે વડોદરાના જોઈન્ટ કમિશનર સમક્ષ રજૂઆત થઈ હતી. જો કે, આ પ્રકરણમાં હજુ સુધી કોઈ પગલાં લેવાયા નથી.

# દિયોદરના લુદરા ખાતે ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને પંચ કુંડી યજ્ઞ પૂર્ણ

દિયોદર, તા. ૨૧

દિયોદર તાલુકાના લુદરા ખાતે સમસ્ત રોઝિયા પરિવારના કુળદેવી શ્રી ખોડિયાર માતાજી, ગોગા મહારાજ, સિકોતર માતાજીની મૂર્તિ પ્રવેશ, ગ્રહહોમ, સાયંપૂજન અને દ્વિતીય પાવનકારી દિવસે પ્રાતઃ પૂજન, અંજન શલાકા, ૧૦૮ કલશાત્મક સ્નપનપ્રયોગ, મહાપુજા, સાયંપૂજન, સંધ્યા આરતી કરવામાં આવી હતી. તૃતિય કલ્યાણકારી દિવસે મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા સાથે મહોત્સવની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. પ્રતિષ્ઠા મહોત્સવમાં રબારી સમાજમાં પૂજનીય પ.પૂ. ધ.ધુ.



પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને પંચ કુંડી યજ્ઞનું ત્રિદિવસીય આયોજન તા. ૧૬-૫-૧૭ થી તા. ૧૮-૫-૧૭ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ મંગલકારી દિવસ તા. ૧૬-૫-૧૭ના રોજ પંચાંગ પૂજમ, જળયાત્રા, મંડપ તો સવારે ભવ્ય શોભાયાત્રામાં ગોવાળિયા ગૃપ પાટણના કલાકાર દસરથ કિમ્બુવાના સ્વરના સથવારે લુદરાના માર્ગો પર શોભાયાત્રાને દીપાવી હતી. રાત્રે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહંતશ્રીશ્રી ૧૦૦૮ બળદેવગીરી બાપુ (વાળીનાથ અખાડા, તરભ) તેમજ પ.પૂ. મહંત બાલકદાસબાપુ (મદ્રિસણા) સહિત નારણભાઈ ભૂવાજી (ગમાનપુરા)એ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા.

# શિક્ષણના પ્રશ્ને દેખાવો અને ધરણાંની મંજુરી અપાઈ નહીં

અમદાવાદ, તા.૨૧

સરકારના ખાનગી સ્વનિર્ભર શાળા ફી નિયમન કાયદા અને તેના ચુસ્ત અમલીકરણ, સંચાલકોની ગેરરીતિ, શિક્ષણજગતમાં ભ્રષ્ટાચાર સહિતના શિક્ષણજગતના હાલના સગળતા પ્રશ્નો અંગે પેરેન્ટ્સ એકતા મંચ દ્વારા આવતીકાલથી ત્રણ દિવસ સુધી શહેરમાં ધરણાં, રેલી અને દેખાવોના કાર્યક્રમની પોલીસ સત્તાવાળાઓ સમક્ષ મંજૂરી માંગવામાં આવી હતી પરંતુ પોલીસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશી ડેલીગેશનોની મુલાકાત સહિતના કારણોને લઈને આ રેલી કે દેખાવોની પરવાનગી નહી આપતાં વધુ એક વિવાદ સર્જાયો છે. પોલીસ સત્તાવાળાઓ તરફથી આજે બપોરે ૩-૧૦ મિનિટે શિક્ષણજગતની બહુ મોટી કહી શકાય એવી ત્રણ દિવસની સરસ્વતી સન્માન કાર્યક્રમ અંતર્ગત ગાંધી ચિંધ્યા માર્ગે ધરણાં, રેલી-દેખાવોની મંજૂરી આપવાનો ઈન્કાર કરાયો હતો, જેને લઈ વાલીઓમાં ઉગ્ર રોષની લાગણી ફેલાવા પામી છે. પોલીસ સત્તાવાળાઓના આવા મનસ્વી નિર્ણય સામે પેરેન્ટ્સ એકતા મંચના પ્રમુખ પૂજા પ્રજાપતિ અને ઉપપ્રમુખ પ્રકાશ કાપડિયાએ આ મામલે કાનૂની સહારો લેવામાં આવશે.

## વરસાદી ઝાપટા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવામાનમાં પલ્ટો આવ્યા બાદ વરસાદ થયો હતો. ગુજરાત માટેની આગાહીમાં હવામાન વિભાગે કહ્યું છે કે ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે. આજે ધારણા પ્રમાણે જ વરસાદ થયો હતો. બીજી બાજુ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં પણ ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. સુરેન્દ્રનગરમાં પારો ગગડીને ૪૦.૪ ડિગ્રી સુધી નીચે પહોંચ્યો હતો. બીજી બાજુ સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ પારો ઘટી ગયો હતો. નલિયામાં મહત્તમ તાપમાન ૩૪.૮, કંડલા એરપોર્ટ ખાતે મહત્તમ તાપમાન ૩૭.૫ ડિગ્રી નોંધાયું હતું. ધંધુકા, સુરેન્દ્રનગરના લીમડીમાં વરસાદ નોંધાતા લોકોમાં આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું હતું. હાલમાં સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ચાર પાંચ દિવસથી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે અને અમરેલીમાં સતત વરસાદ થયો છે. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ગઈકાલે ગુરૂવારના દિવસે પણ વરસાદ પડતા લોકોમાં આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું હતું. અમરેલીના રાજુલા સહિતના પંથકમાં કરા અને વાવાઝોડા સાથે વરસાદ થયો હતો. અમરેલીના દીપડીયા, ધારેશ્વર, વાવેરામાં વાવાઝોડા સાથે વરસાદી ઝાપટુ પડ્યું હતું. તીવ્ર ગરમી પડી રહી છે ત્યારે એકાએક સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં હવામાનમાં પલ્ટો આવ્યો હતો.

## આફ્રિકી દેશોના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરનારા ડેલિગેટસને અમદાવાદના કાલુપુર સ્વામીનારાયણ મંદિરથી શરૂ થતી હેરિટેજ વોક ઉપર પણ લઈ જવામાં આવનાર છે.હેરિટેજ વોકમાં આવતા તમામ સ્થળોએ પુરતી સાફ-સફાઈ પણ તંત્ર દ્વારા કરી લેવામાં આવી છે. આ ડેલિગેટસ માટે કુલ મળીને ૩૦૦ જેટલી કારની વ્યવસ્થા તંત્ર તરફથી કરવામાં આવી છે. જેમાં ૨૦૦ જેટલી કાર હાઈટેક રાખવામાં આવી છે. બુધવારના દિવસે મહેમાનોને શહેરની હેરિટેજ સાઈટ ઉપર લઈ જવામાં આવશે. જ્યાં તેઓને અમદાવાદના ૬૦૫ વર્ષના ઈતિહાસ અંગે માહિતગાર કરવામાં આવશે.મહેમાનોને અમદાવાદ શહેરના ઈતિહાસ વિશે પુરતી માહિતી મળી રહે. એ હેતુથી અંગ્રેજી જાણતા એવા ખાસ દુભાષીયાઓને પણ ફરજ સોંપવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેરિટેજ વિભાગ દ્વારા મહેમાનો માટે મિનરલ પાણીની બોટલોની પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.મહેમાનોને અમદાવાદની પોળો અને તેના ઈતિહાસથી પણ વાકેફ કરવામાં આવનાર છે.

## ભાવિકો અટવાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહિલાઓ અને બાળકોને રૂટ ઉપર મોટા સ્થળો પર રોકાણ કરવા માટે સૂચના આપવામાં આવી છે. ઉત્તરાખંડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરના કારોબારી ડિરેકટર પિયુષ રોટેલાએ માહિતી આપતા કહ્યું છે કે બીઆરઓ દ્વારા રસ્તાઓને વ્યવસ્થિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી ચુકી છે. આ યાત્રા મહિનાની શરૂઆતમાં શરૂ થયા બાદ જૂનના અંત સુધી ચાલનાર છે. ભેખડો ધસી પડવાના બનાવની બંને બાજુએ ૧૫ હજારથી પણ વધુ લોકો અટવાયેલા છે.

રીષીકેશ-બદ્રીનાથ નેશનલ હાઈવેને ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં વિષ્ણુપ્રયાગ નજીક બંધ રાખવામાં આવતા લોકોને તકલીફ પડી રહી છે. જોકે અહીં ટ્રાફિકને સામાન્ય બનાવવાના પ્રયાસ ચાલી રહ્યા છે. બીજી બાજુ હાથીપરબત નજીક બદ્રીનાથ હાઈવેને ફરી ખોલવાના પ્રયાસ ચાલી રહ્યા છે. આ સપ્તાહની શરૂઆતમાં જ મહારાષ્ટ્રના રાહત અને પુનઃવસવાટ પ્રધાન ચંદ્રકાંત પાટીલે માહિતી આપતા કહ્યું હતું કે ચારધામની યાત્રામાં રહેલા સેંકડો શ્રદ્ધાળુઓને બચાવી લેવાયા છે. ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં જોશીમઠથી બદ્રીનાથ સુધીના માર્ગ ઉપર ભેખડો ધસી પડતા રસ્તાને બંધ કરવાની ફરજ પડી હતી. વાહનોની લાંબી લાઈનો હાઈવે ઉપર લાગી છે. આશરે ૨૫ કિલોમીટર સુધીના વિસ્તારમાં ચક્કાજામની સ્થિતિ સર્જાઈ ગઈ છે. બીઆરઓ અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના લોકો બચાવ અને રાહત કામગીરીમાં લાગેલા છે. સાથે સાથે વાહનોમાં અટવાઈ પડેલા લોકોને મદદ પહોંચાડવાના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. યાત્રા શરૂ થયા બાદથી આ વખતે પ્રથમ વખત ભેખડો ધસી પડવાના બનાવોની શરૂઆત થઈ છે.

## જવાનો શહીદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. ત્રાસવાદીઓ દ્વારા અંકુશરેખા મારફતે ઘુસણખોરીનો અવિરત પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાલમાં જ એક સમાચાર ચેનલના સ્ટીંગ ઓપરેશનમાં અલગતાવાદી લીડર નઈમખાન અને ફારૂક અહેમદ દારે કબુલાત કરી હતી કે હુર્રિયતને પાકિસ્તાન તરફથી સહાયત મળી રહી છે. અલગતાવાદી નેતાઓના ચહેરાનો પર્દાફાશ કરવામાં આવ્યા બાદ રાષ્ટ્રીય તપાસ સંસ્થા એનઆઈએ દ્વારા મામલાની તપાસ શરૂ કરીને સમાચાર ચેનલ પાસેથી સ્ટીંગ ઓપરેશનના વીડિયો ઉપલબ્ધ કરાવવા માટે કહેવામાં આવ્યું છે. તપાસ સંસ્થાએ તહેરીકે હુર્રિયતના નેતા નઈમખાન, ફારૂક અહેમદ દાર અને ગાઝી જાવેદ બાબાને સમન્સ જારી કરવામાં આવ્યા બાદ હાજર કર્યા હતા. નઈમે કહ્યું છે કે તે ભારતીય મીડિયા પ્રત્યે જવાબદાર નથી. શરૂઆતમાં અનિચ્છા દર્શાવ્યા બાદ ત્રણેય અલગતાવાદી લીડરે કબુલાત કરી લીધી હતી. એનઆઈએની ટીમ દ્વારા અલગ અલગ રીતે તેમની પૂછપરછ કરી છે. ટીમે તેમના નામ એફઆઈઆરમાં પણ દાખલ કર્યા હતા.

## કઠોર પૂછપરછ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અલગતાવાદી લીડરોની પૂછપરછ કરી છે. વધારાના મહાનિર્દેશકના નેતૃત્વમાં એનઆઈએની ટીમે નઈમખાન, ફારૂક અહમદ દાર, ગાઝી જાવેદ બાબાની પૂછપરછ કરી છે. તેમને બોલાવવામાં આવ્યા બાદ જુદા જુદા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. એકબાજુ અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પાકિસ્તાન દ્વારા સતત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. યુદ્ધ વિરામનો ભંગ કરીને ગોળીબાર કરાઈ રહ્યો છે. યુદ્ધ વિરામ ભંગ કરીને ગોળીબાર કરવાનો મુખ્ય ઉદેશ્ય આતંકવાદીઓને ભારતીય સરહદમાં ઘુસાડવાનો છે. બીજી બાજુ આતંકવાદીઓ પણ પોતાની રીતે અંકુશરેખા પરથી ઘુસણખોરીના પ્રયાસો કરી રહ્યા છે. પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ફરીથી ત્રાસવાદી લોન્ચપેડ સક્રિય થયા હોવાના અહેવાલ મળ્યા છે. સેના સાથેની અથડામણમાં ઠાર થયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ઠાર થયેલા બંને આતંકવાદીઓની ઓળખ કરવાના પ્રયાસ પણ હાથ ધરાયા છે.

## કાનૂન અને કાયદો

● ૪ પાનાનું ચાલુ...

કોઈ માણસ ફળોની પેટીમાં માણસનો મૃત દેહ મુકી જાય અને તે રસ્તામાં પકડાય તો ટ્રાન્સપોર્ટર અને ડ્રાઈવર ઉપર ખૂન કેસમાં સીધી સંડોવણી ગણાય. ફળોની વિગતો વજન તથા જકાત ભર્યાની વિગતો કોણે માલ આપ્યો તથા કઈ જગ્યાએ માલ ઉતારવાનો છે તે તમામના નામ, સરનામા વિગતો મેળવવાની જવાબદારી ટ્રાન્સપોર્ટરની છે. માલ આપનારના નામ, સરનામા ખોટા નિકળે ભળતા નિકળે તો માલ યોગ્ય જગ્યાએ પહોંચાડનારના સરનામે માલ મોકલવાની ખરાઈ કરવી જોઈએ નહિતર દાણચોરીનો ગુન્હો બની દંડ ટ્રાન્સપોર્ટેશન એકટ ૧૭૧૭ ની બ્રીટીશ જોગવાઈ મુજબ કરવામાં આવે છે.

એકસાઈઝ ઈનવોઈસ કે વેટના બીલની નકલ ટ્રાન્સપોર્ટરોને રાખવી ફરજીયાત છે રસ્તામાં ચેકીંગ દરમ્યાન આવા પ્રકારના કાગળો કે દસ્તાવેજોમાં ઈન્સ્પેકટરને શંકા પડે તો વાહન અને માલ બન્ને જપ્ત થાય છે અને ચકાસણી બાદ ગુન્હેગાર ઠરતા આકરી સજા તથા દંડના હક્કદાર ટ્રાન્સપોર્ટર અને માલ મોકલનાર બન્ને ઠરે છે તથા આવા પ્રકારનો માલ જપ્ત કરી રાજયગત કરવામાં આવે છે ધ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન એકટ ૧૯૫૦ માં ફેરફાર કરવામાં આવેલ છે અને નેશનલ લેન્ડ ટ્રાન્સપોટેશન એકટ ૨૦૦૯ની જોગવાઈઓ ૧ માર્ચ ૨૦૧૭ થી નવો એકટ અમલમાં આવેલ છે. ભારતમાં રામ ભરોસે માલનું વહન કરવામાં આવે છે ઓવર લોડના કારણે કેટલાય અકસ્માત સર્જાય છે, નયત કરે ક્ષમતા કરતા વધારે પ્રમાણમાં માલ વહન કરવો એ પણ ગુન્હો બને છે. ટ્રાન્સપોર્ટરોની કોઈ જવાબદારી ઠરતી નથી તે પ્રકારની સમજણમાં ફેરફાર કરી નામદાર કોર્ટના ચુકાદાથી ટ્રાન્સપોર્ટરોએ સાવચેતી રાખવી પડશે નહિતર ગુન્હેગાર ઠરશે.

## અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

ત્રિપલ તલાક અથવા તલાક-એ-બિદ્દત એટલે કે એકસાથે ત્રણવાર તલાક-તલાક-તલાક કહીને લગ્નસંબંધમાંથી છૂટા થવાની પ્રણાલી ઉપરાંત નિકાહ-હલાલા એટલે કે એકવાર પતિથી તલાક અપાયેલી મહિલાએ એ જ પતિ સાથે ફરી લગ્ન કરવા હોય તો પણ એણે બીજા કોઈ સાથે લગ્ન કરીને, એ લગ્ન ભોગવ્યા પછી જ, તલાક મેળવીને એ થઈ શકે. ત્રીજો મુદ્દો બહુપત્નીત્વનો એટલે કે મુસ્લિમ પુરુષ ચાર પત્ની કરી શકે એ મુદ્દો સુપ્રીમ કૉર્ટની ખાસ બંધારણીય બૅંચ હાથ ધરશે. આ ખંડપીઠ સમાન નાગરી ધારા (યુનિફૉર્મ સિવિલ કોડ)ના મુદ્દાને હાથ ધરશે નહીં, કારણ કે એ મામલો ભારતનું કાયદાપંચ હાથ ધરી રહ્યું છે.મુસ્લિમોના ધર્મ અને લગ્ન, છૂટાછેડા, વારસાઈ હક્ક, દત્તકપ્રથા અને તલાકશુદા મહિલાની ખાધાખોરાકી સહિતના મુદ્દા અદાલત હાથ ધરશે.

અદાલતોમાં વિચારાધીન ખટલાઓના ભરાવાને ખાળવા માટે વડા પ્રધાન મોદી તથા તેમના કાયદાપ્રધાન રવિશંકર પ્રસાદ કામે વળ્યા છે. શક્ય તેટલા વધુ ન્યાયાધીશોની નિમણૂક કરીને ખાલી જગ્યાઓ ભરવા ઉપરાંત ભારતની સુપ્રીમ કૉર્ટથી લઈને નીચેની અદાલતોને ડિજિટલ કરવા માટેની કામગીરી હાથ ધરાઈ છે. હમણાં સુપ્રીમ કૉર્ટના મુખ્ય ન્યાયાધીશ ખેહર અને બીજા ન્યાયાધીશો સાથે જાહેર સમારંભમાં વડા પ્રધાન મોદીએ સુપ્રીમ કૉર્ટમાં ઉનાળુ વેકેશન પછી જુલાઈથી અદાલત એકદમ ડિજિટલ થઈ જાય અને કાગળોના ઢગલાંને બદલે મોટાભાગની કાર્યવાહી ઑનલાઈન થાય એવી વ્યવસ્થા કરવાનો સંકલ્પ જાહેર કર્યો હતો. વડા પ્રધાનની દૃષ્ટિએ આનાથી પાણી અને વૃક્ષો બચશે અને પર્યાવરણની રક્ષા થશે. મુખ્ય ન્યાયાધીશ ખેહરના કહેવા મુજબ, ન્યાયતંત્ર વધુ પારદર્શક બને અને વિચારાધીન ખટલાઓના ઝડપી નિકાલ માટે ડિજિટલાઈઝેશન અમલમાં આવે તે જરૂરી છે. અદાલતોમાં વરવાં દ્રશ્યો સર્જાઈ રહ્યાં છે ત્યારે પ્રજાનો વિશ્વાસ ડગી જાય એવા સંજોગો છે.ભારતીય પ્રજાને હજુ રાજકીય નેતાઓ કરતાં ન્યાયતંત્રમાં વધુ વિશ્વાસ છે છતાં ન્યાયતંત્રમાં પણ ભ્રષ્ટાચાર અને સગાવાદનો સડો જરૂર પેઠો છે. ન્યાયાધીશ કર્ણન જેવાએ ન્યાયાધીશોના ભ્રષ્ટાચારને દૂર કરવા માટે જંગ છેડ્યો છે, પરંતુ વ્યવસ્થાના તંત્રને તોડીને એ કામે વળ્યા છે. એટલે ફરિયાદી થઈને આરોપીનો અનુભવ કરી રહ્યા છે. વળી ન્યાયતંત્રમાં અત્યાર લગી દલિત અને સવર્ણના ભેદ વર્તાયા નહોતા, પણ ન્યાયાધીશ કર્ણને એ ભેદરેખાને પ્રકાશમાં આણવા માંડી છે. એમની દૃષ્ટિએ ન્યાયતંત્રમાં સવર્ણવાદ પ્રભાવી હોવાથી એમના જેવા દલિતોને અન્યાય થઈ રહ્યો છે. જોકે, આ બાબત વધુ વિસ્ફોટક સ્વરૂપ ધારણ કરે એ પહેલાં વિવાદનું સમાધાન શક્ય બનાવવા માટે સરકાર અને ન્યાયતંત્રના વડીલોએ આગળ આવવાની જરૂર છે, અન્યથા સ્થિતિ કાબૂ બહાર જશે.